## –: રે.દિ.મુ.નં.૩૨/૨૦૧૬(જુના રે.દિ.મુ.નં.૪૫૩/૦૫)ના કામે આંક–૨૯૮ તળે હુકમ :–

---

(૧) વાદીએ સી.પી.સી. ઓર્ડર–૯ રૂલ–૫(૧)(એ)(બી)(સી) હેઠળ હાલની અરજી આપી પ્રતિવાદી નં.૨,૩ તથા ૨૦થી ૨૮ સામેનો દાવો ફરીથી ચાલુ કરવા દાદ માંગેલ છે. અરજી અન્વયે વાદી તરફે વિધ્વાન વકીલ શ્રી આર.વી.ભલગરીયાને સાંભળવામાં આવેલ છે, જયારે પ્રતિવાદી તરફે વિધ્વાન વકીલ શ્રી વી.જી.જોષીને સાંભળવામાં આવેલ છે.

(૨) વાદી તરફે વિધ્વાન વકીલશ્રી આર.વી.ભલગરીયાએ એવી રજુઆત કરેલ છે કે, સદર દાવો વાદીએ સૌ પ્રથમ વેરાવળ કોર્ટમાં રે.મુ.નં.૪૫૩/૦૫થી દાખલ કરેલ હતો. તેમાં આંક–૧૧થી પ્રતિવાદી નં.૨,૩ને, આંક–૯૦,૯૧,૯૨થી પ્રતિવાદી નં.૨૦થી૨૫ અને ૨૭,૨૮ તથા આંક–૯૧થી પ્રતિવાદી નં.૨૬ને નોટીસ કરેલ હતી. આ નોટીસ વગર બજે પરત ફરતા નામદાર કોર્ટે તા.૨૨/૦૬/૦૭ના રોજ આંક–૧થી હુકમ કરી તે પ્રતિવાદીઓ સામેનો દાવો રદૃ કરેલ હતો. પરંતુ તે વખતે વાદીના એડવોકેટ અન્ય હતા અને તેઓએ વાદીઓને આ અંગે જાણ કરેલ ન હતી, તેથી વાદીઓ આ અંગે સને ૨૦૦૭થી આજ સુધી કોઈ કાર્યવાહી કરી શકેલ ન હતા. વધુમાં સદર પ્રતિવાદીઓ ઉપરોકત સરનામે જ રહે છે અને તેઓએ ઈરાદા પુર્વક જે તે વખતે નોટીસ બજવા દીધેલ ન હતી. હાલ વાદીઓએ નવા એડવોકેટ રોકેલ હોય અને તેઓએ વાદીઓને આ અંગે જાણ કરતા વાદી હાલની અરજી લાવેલ છે. તેથી સદર પ્રતિવાદીઓ વિરુધ્ધ દાવો ફરી ચાલુ કરવા વિનંતી કરેલ છે.

(૩) પ્રતિવાદી તરફે વિધ્વાન વકીલ શ્રી વી.જી.જોષીએ રજુઆત કરેલ છે કે, જે પ્રતિવાદીઓ સામે સને ૨૦૦૭માં દાવો રદૃ થયેલ છે તે દાવો જે તે પ્રતિવાદીઓ સામે રીસ્ટોર કરવા માટે વાદી સને ૨૦૨૩માં હાલની અરજી લાવેલ છે. આથી, વાદીએ આટલા બધા વર્ષો બાદ હાલની અરજી આપેલ છે, તે મંજુર કરવામાં આવે તો જે પ્રતિવાદીઓ રેકર્ડ ઉપર દાવામાં બચાવ કરે છે તેઓને ફરીથી દાવો શરુઆતથી લડવો પડે અને તેઓને ગંભીર નુકશાન થાય તેમ હોય તેથી વાદીની અરજી રદૃ કરવા વિનંતી કરેલ છે.

(૪) હવે, પક્ષકારોની રજુઆતો અને રેકર્ડ ઉપરની પરીસ્થીતી ધ્યાને લેવામાં આવે તો વાદીએ હાલનો દાવો જ્ઞાપન અને કાયમી મનાઈ હુકમ માટે નામદાર વેરાવળ સીવીલ કોર્ટમાં

**સને ૨૦૦૫માં દાખલ કરેલ હતો. ત્યારબાદ આંક–૧ હેઠળના તા.૨૨/૦૬/૨૦૦૭ના રોજના હુકમ મુજબ પ્રતિવાદીઓ નં.૨,૩ તથા ૨૦થી૨૮ સામેનો દાવો રદ્દ કરવામાં આવેલ હતો. ત્યારબાદ પંદર વર્ષ પછી હાલના વાદી કોઈપણ જાતના ન્યાયિક અને વાજબી કહી શકાય તેવા કારણ વગર પ્રતિવાદીઓ નં.૨,૩ તથા ૨૦થી૨૮ સામેનો દાવો ફરી ચાલુ કરવા હાલની અરજી આપી રહેલ છે. આ અન્વયે સી.પી.સી. ઓર્ડર–૯, રુલ–૫ની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી છે.**

> ***5. Dismissal of suit where plaintiff after summons returned unserved, fails for one month to apply for fresh summons. —***
>
> *(1) Where after a summons has been issued to the defendant, or to one of several defendants, and returned unserved, the plaintiff fails, for a period of seven days from the date of the return made to the Court by the officer ordinarily certifying to the Court returns made by the serving officers, to apply for the issue of a fresh summons the Court shall make an order that the suit be dismissed as against such defendant, unless the plaintiff has within the said period satisfied the Court that—*
>
> *(a) he has failed after using his best endeavors to discover the residence of the defendant, who has not been served, or*
>
> *(b) such defendant is avoiding service of process, or*
>
> *(c) there is any other sufficient cause for extending the time,*
>
> *in which case the Court may extend the time for making such application for such period as it thinks fit.*
>
> ***(2) In such case the plaintiff may subject to the law of limitation bring a fresh suit.***

**(૫) આમ, હાથ પરના કેસમાં ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો જયારે વાદીનો દાવો સી.પી.સી. ઓર્ડર–૯, રુલ–૫(૧) હેઠળ અમુક પ્રતિવાદીઓ વિરુધ્ધ ડીસમીસ થયેલ હોય ત્યારે સી.પી.સી. ઓર્ડર–૯, રુલ–૫(૨)ની જોગવાઈ મુજબ સમય મર્યાદાને આધીન રહીને વાદીએ તેવા પ્રતિવાદીઓ વિરુધ્ધ નવો દાવો લાવવાનો રહે છે, હાલનો દાવો જ તેવા પ્રતિવાદીઓ વિરુધ્ધ રીસ્ટોર થઈ શકે નહી કે હાલના દાવામાં જ તા.૨૨/૦૬/૨૦૦૭ના રોજનો પ્રતિવાદી નં.૨,૩ અને ૨૦થી૨૮ સામેનો દાવો ડીસમીસ કરતો હુકમ રીકોલ થઈ શકે નહી. આથી ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.**

**–:: <u>આખરી હુકમ</u> ::–**

(૧) **વાદીની આંક–૨૯૮ વાળી અરજી નામંજુર કરવામાં આવે છે.**

(૨) **ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.**

આ હુકમ આજરોજ કેશોદ મુકામે તારીખ ૨૬મી જુલાઈ, ૨૦૨૩ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(સમીર રતીલાલ સાંગાણી)**
**પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ**
**કેશોદ**
**GJ01046**